
AABRA KA DABRA
Rotary


AABRA KA DABRA
Rotary


Rotary

સંદેશ City Life

Date : 19.12.2024 Page : 01

# કિડ્સ કાર્નિવલ : 'કિડ્સ ગોટ ટેલેન્ટ' સાથે એન્ટિ ડ્રગ્સ અવેરનેસ પ્રોગ્રામ યોજાશે

**૫ જાન્યુઆરીએ સિંધુ ભવન રોડ પર આવેલી એક પાર્ટી પ્લોટમાં કિડ્સ કાર્નિવલ યોજાશે**

**સિટી લાઈફ ।** રોટરી ક્લબ ઓફ અમદાવાદ સ્કાયલાઈન, ઉન્નતિ સ્ટોરી હાઉસના સહયોગથી ૪ જાન્યુઆરીએ સિટીમાં બેદિવસીય 'આબરા કા ડાબરા-કિડ્સ કાર્નિવલ ૧.૦'નું આયોજન કરાશે. જેમાં ૭ હજાર લોકો હાજરી આપવાની અપેક્ષા છે. કિડ્સ કાર્નિવલ ૧.૦માં સુપરહીરો શો, જોકર થિયેટર, મેજિક વર્કશોપ, ઝુમ્બા ડાન્સ પાર્ટી, વીઆર ગેમિંગ ઝોન અને લાઈવ સાયન્સ પ્રયોગો સહિત વિવિધ આકર્ષક પ્રવૃત્તિઓ યોજાશે. આ સાથે ઈવેન્ટમાં 'કિડ્સ ગોટ ટેલેન્ટ' ફિનાલે, થીમ આધારિત હાઉસી ગેમ્સ, આર્ટ્સ અને ક્રાફ્ટ્સ સેશન્સ, રોમાંચક રાઈડ્સ અને સ્ટોલ્સ પણ



રાખવામાં આવશે. આ કિડ્સ કાર્નિવલમાં સિટીની પ્રીમિયર સ્કૂલ પણ જોડાશે. કિડ્સ કાર્નિવલમાં એન્ટિ ડ્રગ્સ અવેરનેસ અભિયાને પ્રમોટ કરવામાં આવશે. જેમાં મુખ્ય પ્રવૃત્તિઓમાં આંતર-શાળા ક્વિઝ સ્પર્ધાનો સમાવેશ થાય છે, જેમાં સહભાગીઓ શૈક્ષણિક વીડિયો જોયા પછી ડ્રગ-વિરોધી પ્રતિજ્ઞા લેશે. આ ઈવેન્ટમાંથી થતી આવકનો ઉપયોગ અભિયાનને વિસ્તૃત કરવા, કાયમી અસર પેદા કરવા માટે વધુ શાળાઓ અને સમુદાયો સુધી પહોંચવા માટે કરવામાં આવશે.

આ પહેલ વિશે વાત કરતાં રોટરી ક્લબ ઓફ અમદાવાદ સ્કાયલાઈનના પ્રમુખ સૌરભ ખંડેલવાલે જણાવ્યું હતું કે 'આબરા કા ડાબરા કિડ્સ કાર્નિવલ મનોરંજન કરતાં ઘણું વધારે છે. તે વધુ સારા, ડ્રગ-મુક્ત ભવિષ્ય માટે મૂવમેન્ટને વેગ આપવાની એક તક છે. એક આકર્ષક થીમ અને મહત્ત્વપૂર્ણ સામાજિક કારણના સંયોજન સાથે, અમે કાયમી અસર ઊભી કરવા માટે આતુર છીએ.' રોટરી ક્લબ ઓફ અમદાવાદ સ્કાયલાઈનના સેક્રેટરી આશિષ પાંડેએ જણાવ્યું હતું કે 'આ કાર્નિવલ અમારા બાળકો માટે જાદુઈ, ડ્રગ-મુક્ત ભવિષ્યનું નિર્માણ કરવા અને તેઓ સલામત અને તંદુરસ્ત વાતાવરણમાં મોટા થાય તે સુનિશ્ચિત કરવાની દિશામાં એક પગલું છે. તમારી સહભાગિતા અમને આ વિઝનને વાસ્તવિક બનાવવામાં મદદરૂપ થશે. આબરા કા ડાબરા-કિડ્સ કાર્નિવલ ૧.૦ એ ૪ અને ૫ જાન્યુઆરીએ સિંધુ ભવન રોડ પર આવેલા મેરિમેન્ટ પાર્ટી પ્લોટમાં યોજાશે.'